## ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા
## એન.એચ.એમ પ્રોગ્રામ
## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

### ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં રાષ્ટ્રીય આરોગ્ય મીશન પ્રોગ્રામ અંતર્ગત શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૧ માસનાં કરાર આધારીત તદન હંગામી ધોરણે નીચે જણાવેલ જગ્યાએ ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર **તા.-૧૯/૦૨/૨૦૨૨ (૦૦.૦૧કલાક) થી તા. ૦૫/૦૩/૨૦૨૨ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| અ.નં. | જગાનું નામ | જગાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અર્બન મેડીકલ ઓફિસર | ૦૭ |
| ૨ | સ્ટાફ નર્સ/બ્રધર્સ | ૪૦ |
| ૩ | બ્લોક ફાઇનાન્સ આસિસ્ટન્ટ | ૦૧ |
| ૪ | પટાવાળા | ૦૪ |
| ૫ | આરબીએસકે મેડીકલ ઓફિસર- પુરૂષ | ૦૫ |
| ૬ | આરબીએસકે ફાર્માસિસ્ટ કમ ડેટા આસિસ્ટન્ટ | ૦૨ |
| ૭ | મેડીકલ ઓફિસર- (આરએનટીસીપી) મેડીકલ કોલેજ, ગોત્રી | ૦૧ |
| ૮ | એસટીએસ - આરએનટીસીપી | ૦૨ |
| ૯ | એસટીએલએસ - આરએનટીસીપી | ૦૧ |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

**નોંધઃ- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા માટે ઉપર મુજબની કેડર ઉપરાંત બીજી અન્ય કેડર માટે પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.**

**ચેરમેન**
**એકઝકયુટીવ કમીટી**
**અને ડે.મ્યુનિસિપલ કમિશનર**
**વડોદરા મહાનગરપાલિકા**

**પી.આર.ઓ. નં ૧૦૦૯/૨૧-૨૨**

## ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા
## એન.એચ.એમ પ્રોગ્રામ
## વડોદરા મહાનગરપાલિકા

# સીધી ભરતી માટેની જાહેરાત
# (જાહેરાત ક્રમાંકઃ ૧૦૦૯/૨૦૨૧-૨૨)

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણીક લાયકાત | ફિક્સ પગાર (પ્રતિ માસ) |
|---|---|---|---|---|
| ૧ | અર્બન મેડીકલ ઓફિસર | ૦૭ | એમ.બી.બી.એસ., ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ જરૂરી છે. | ૬૦૦૦૦/- |
| ૨ | સ્ટાફ નર્સ/બ્રધર્સ | ૪૦ | ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી BSC(Nursing) નો કોર્સ, અથવા ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ ડિપ્લોમા અને મિડવાઇફરી નો કોર્સ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જરૂરી છે. બેઝીક કોમ્પ્યુટર નો સર્ટિફિકેટ કોર્સ કરેલ હોવો જરૂરી છે. | ૧૩૦૦૦/- |
| ૩ | બ્લોક ફાઇનાન્સ આસીસ્ટન્ટ | ૦૧ | કોમર્સમાં સ્નાતક અને કોમ્પૂટર એપ્લીકેશનમાં ડિપ્લોમા અથવા સર્ટીફીકેટ કોર્ષ. કોમ્પ્યુટરમાં સોફ્ટવેર (એકાઉંટીંગ, M.S.Office /GIS /RCH software વગેરે) અને હાર્ડવેરની જાણકારી હોવી જોઇએ. ઓફિસ વર્ક તેમજ ફાઇલીંગની મુળભુત જાણકારી હોવી જોઇએ. અંગ્રેજી તેમજ ગુજરાતીમાં ટાઇપીંગ તેમજ ડેટા એન્ટ્રી કરતા આવડવું જોઇએ.<br>અનુભવ : ઓછામાં ઓછા ૩ વર્ષ | ૧૩૦૦૦/- |
| ૪ | પટાવાળા | ૦૪ | ઓછામાં ઓછુ ૮ ધોરણ પાસ, અંગ્રેજી જાણકારને પ્રાધાન્ય | ૮૫૦૦/- |
| ૫ | આરબીએસકે તબીબ-પુરૂષ | ૦૫ | માન્ય સંસ્થા દ્વારા **BAMS/BSAM/BHMS** ની ડીગ્રી/ હોમીયોપેથી/આયુર્વેદનું ગુજરાત કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. | ૨૫૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | આરબીએસકે ફાર્માસિસ્ટ કમ ડેટા આસિસ્ટન્ટ | ૦૨ | માન્ય સંસ્થામાંથી ફાર્માસિસ્ટની ડીગ્રી/ ગુજરાત ફાર્માસિસ્ટ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. | ૧૩૦૦૦/- |
| ૭ | મેડીકલ ઓફિસર- (આરએનટીસીપી) મેડીકલ કોલેજ, ગોત્રી | ૦૧ | એમ.બી.બી.એસ., ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ જરૂરી છે.<br>વિશેષ લાયકાત : (૧) ડીપ્લોમા/એમ.ડી. પબ્લીક હેલ્થ/પીએસએમ/કોમ્યુનિટી મેડીસીન/ **CHA/**ટીબી અને છાતીના રોગો, (૨) આર.એન.ટી.સી.પી. નો ૧ વર્ષનો અનુભવ (3) કોમ્પ્યુટર નું બેઝિક જ્ઞાન | ૬૦૦૦૦/- |
| ૮ | એસટીએસ – (આરએનટીસીપી) | ૦૨ | (૧) સ્નાતક અથવા માન્ય સંસ્થાનો સેનેટરી ઇન્સ્પેક્ટરનો કોર્ષ (૨) કોમ્પ્યુટરનો સર્ટિફેકેટ કોર્ષ (ઓછામાં ઓછો ૨ માસનો) (૩) કાયમી ટુ વ્હીલર ડ્રાઇવીંગ લાયસન્સ હોવુ જોઇએ અને ટુ વ્હીલર ચલાવતા આવડતુ હોવુ જોઇએ<br>વિશેષ લાયકાત: (૧) માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી ટીબી હેલ્થ વિઝીટરનો કોર્ષ, સોશિયલ વર્ક અથવા મેડીકલ સોશિયલ વર્કમાં ડીગ્રી કે ડીપ્લોમા કોર્ષ (૨) મલ્ટી પર્પલ હેલ્થ વર્કર નો માન્ય સંસ્થામાં થી બેઝિક ટ્રેનીંગ કોર્ષ | ૧૮૦૦૦/- |
| ૯ | એસટીએલએસ – (આરએનટીસીપી) | ૦૧ | (૧) સ્નાતક (૨) મેડીકલ લેબોરેટરી ટેક્નોલોજી નો ડીપ્લોમા કોર્ષ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી સમકક્ષ કોર્ષ (3) કાયમી ટુ વ્હીલર ડ્રાઇવીંગ લાયસન્સ હોવુ જોઇએ અને ટુ વ્હીલર ચલાવતા આવડતુ હોવુ જોઇએ (૪) કોમ્પ્યુટરનો સર્ટિફેકેટ કોર્ષ (ઓછામાં ઓછો ૨ માસનો)<br>અનુભવ :- **RNTCP** પ્રોગ્રામમાં ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ | ૧૮૦૦૦/- |

## <u>જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:</u>

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૧૯/૦૨/૨૦૨૨ (૦૦-૦૧ કલાક) થી તા. ૦૫/૦૩/૨૦૨૨(૨૩-૫૯ કલાક) દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **<u>શૈક્ષણિક માહીતી:</u>** દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ **education qualification details** મા ના હોય તો **OTHER1** અને કોમ્પુટર કોર્ષ ની માહીતી **OTHER2** માં ભરવી.
4. **<u>વયમર્યાદા:</u>**
   જગા નં ૧,૭,૮ અને ૯ માટે -૬૨ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
   જગા નં ૨, ૩ અને ૪ માટે – ૪૫ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
   જગા નં ૫ અને ૬ માટે – ૪૦ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં
   અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
5. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
6. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
7. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
8. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
9. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
10. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.

11. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
12. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૧૭/૦૨/૨૦૨૨

**ચેરમેન**
**એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી,**
**અને ડે.મ્યુનિસિપલ કમિશ્નર(આ)**
**વડોદરા મહાનગરપાલિકા**

.